ચર્મકામ/ચર્મઉદ્યોગ વ્યવસાયકારનું
ઓળખપત્ર આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- અજપ/૧૫૨૦૧૭/૭૪૪૦૯/હ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૧/૦૩/૨૦૧૭

**વંચાણે લીધા:-**

૧. સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સમાજકલ્યાણ પ્રભાગ)નો તા. ૦૬/૧૦/૧૯૯૨નો ઠરાવ ક્ર:-પીએમએસ/૧૫૯૦/૧૪(૨)(૯૨)જ

૨. નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. ૦૨/૦૨/૨૦૧૭નો પત્ર ક્ર.: અજાક/છ-૧/૨૬૬/૨૦૧૭/૨૩૮થી૩૯

**આમુખ:-**

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ સમાજ કલ્યાણ પ્રભાગના વંચાણે લીધેલ ક્ર. ૧ ઉપરના તા.૦૬/૧૦/૧૯૯૨ના ઠરાવથી અસ્વસ્થ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોને પ્રિમેટ્રીક સ્કોલરશીપની કેન્દ્ર પુરસ્કૃત યોજના અંગે આવકના પ્રમાણપત્રો આપવા માટે પદાધિકારીઓ અધિકૃત થયેલ છે. ચર્મકામ/ચર્મઉદ્યોગમાં રોકાયેલ વ્યવસાયકારોને ઓળખપત્ર આપવા અંગેની નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક-૨ પરના તા. ૦૨/૦૨/૨૦૧૭ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના ચર્મકામ/ચર્મઉદ્યોગના કામમાં રોકાયેલ વ્યવસાયકારોને નીચે જણાવ્યા મુજબના અધિકારી/પદાધિકારીઓને પ્રમાણપત્રો આપવા માટે અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે.

(૧) સંસદસભ્યશ્રીઓ
(૨) રાજ્યના ધારાસભ્યશ્રીઓ
(૩) જીલ્લા પંચાયતના સભ્યશ્રીઓ
(૪) મ્યુનિસિપાલીટીના મુખ્ય અધિકારીશ્રીઓ

(૫) કોઇપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રીઓ

(૬) બીજા વર્ગના માનદ્ મેજીસ્ટ્રેટશ્રીઓ

(૭) સંબંધિત રાજ્ય, સંઘપ્રદેશની સરકાર દ્વારા આ માટે ખાસ અધિકૃત કરેલ હોય તેવા અધિકારી

(૮) અનુ.જાતિ અને અનુ.જનજાતિના મ્યુનિસિપલ કોર્પોરેટરો

(૯) જીલ્લા, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ

(૧૦)મહાનગરપાલિકાના મેયરશ્રીઓ, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન અને નગરપાલિકાના અધ્યક્ષશ્રીઓ તથા ઉપાધ્યક્ષશ્રીઓ

(૧૧) નગરપંચાયતોના અધ્યક્ષશ્રીઓ અને ઉપાધ્યક્ષશ્રીઓ

(૧૨) સરપંચ તથા ઉપસરપંચ (ફક્ત ગ્રામ્ય વિસ્તાર માટે)

(૧૩) તલાટીશ્રીઓ

૨. આ અંગે આપવાનું થતુ ઓળખપત્ર/દાખલો આ સાથે સામેલ નમૂના મુજબ આપવાનું રહેશે તેમજ અરજીપત્રકનો નમૂનો પણ આ સાથે મોકલવામાં આવેલ છે તે મુજબ અરજી મેળવવાની રહેશે. આ ઓળખપત્ર/દાખલાનો ઉપયોગ તેમાં જણાવેલ હેતુ સિવાયના અન્ય હેતુ માટે થઈ શકશે નહિ.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે**

(બિંદુ પરમાર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણ: ઓળખપત્રનો નમૂનો.
અરજી પત્રકનો નમૂનો

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યાય અને અધિકારીતા વિભાગ (વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતીસહ), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર (સંબંધીત સર્વેને પરિપત્રિત કરવા અર્થે)
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ/વડોદરા

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૧/૦૩/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: અજપ/૧૫૨૦૧૭/૭૪૪૦૯/હ અન્વયે ઓળખપત્રનો નમૂનો**

| | |
|---|---|
| નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,<br>જિ........................<br><u>ઓળખપત્ર</u><br>નામ : ..................................................................<br>જાતિ/પેટા જાતિ: હિન્દુ રોહિત (અનુ. જાતિ)<br>સરનામું:..............................................................<br>વ્યવસાય: ચર્મકામ/ચર્મઉદ્યોગનાં વ્યવસાયકાર<br><br>સહી/ઓળખપત્ર<br>ધરાવનારની | ફોટોગ્રાફ<br><br>નાયબ નિયામક<br>અનુસૂચિત જાતિ કલ્યાણ<br>જિ...................... |

(વિના મૂલ્યે)

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૧/૦૩/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: અજપ/૧૫૨૦૧૭/૭૪૪૦૯/હ અન્વયે ચર્મકામ/ચર્મઉદ્યોગ વ્યવસાયકારનું ઓળખપત્ર મેળવવા અંગેના અરજી પત્રકનો નમૂનો**

| અરજદારશ્રીનો તાજેતરનો ફોટો |
|---|

પ્રતિ,

નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ,

.............................જિ.........................

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારશ્રીનું પુરૂ નામ (અટક પહેલા લખવી) | : | |
| ૨ | હાલનું સરનામું | : | |
| ૩ | કાયમી સરનામું | : | |
| ૪ | સંપર્ક નંબર | : | |
| ૫ | જાતિ | : | |
| ૬ | પેટા જાતિ | : | અનુસૂચિત જાતિ |
| ૭ | ધર્મ | : | |
| ૮ | અરજદારશ્રીનો વ્યવસાય | : | |
| ૯ | જન્મ તારીખ | : | |
| ૧૦ | પરિણિત કે અપરિણિત | : | |

<u>એકરારનામું</u>

આથી અમે એકરાર કરીએ છીએ કે અમે અરજીમાં આપેલ વિગતો સાચી છે અને સત્તાધિકારીને તેમાંની કોઇપણ વિગત ખોટી જણાય તો તેમનો આખરી નિર્ણય અમોને બંધનકર્તા રહેશે. અમોએ રજુ કરેલ વિગતોના આધારે અમોને ચર્મકામ/ચર્મઉદ્યોગનાં વ્યવસાયકાર હોવા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવશે અને પાછળથી આ અરજીમાં રજુ કરેલ વિગતો ખોટી જણાય તો ઉક્ત પ્રમાણપત્ર અમો સરકારશ્રીમાં પરત જમા કરાવવા બાહેધરી આપીએ છીએ અને તેમ કરવામાં નિષ્ફળ જઇએ તો સંબધિત સત્તાધિકારી નિયમ પ્રમાણે કાર્યવાહી કરશે જેને અમો બંધનકર્તા રહીશુ.

તારીખ:- (૧) અરજદારશ્રીની સહી........................

સ્થળ:-

<u>અરજીની પત્રક સાથે રજુ કરવાના પ્રમાણપત્રો:-</u>

૧. સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ જાતિ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

૨. રહેઠાણનો કોઇપણ એક પુરાવાની પ્રમાણિત નકલ ( ચૂંટણીકાર્ડ / આધારકાર્ડ / રેશનકાર્ડ વિગેરે )

૩. ચર્મકામ/ચર્મઉદ્યોગનાં વ્યવસાયકાર હોવા અંગેનો તલાટીશ્રી/સંબંધિત અધિકારીશ્રીનો દાખલો